જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી ૧૪૩ લીટર દેશી દારૂ, ૨૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫૨ બીયર ટીન, ૨ કાર, ૧ ઓટોરિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૪/૧૬**

સેટેલાઇટઃ યોગેશકુમાર પ્રવીણભાઇ પટેલ (રહે. કસ્તુરબાનગર સોસાયટી હરીભાઇ હોસ્પીટલની સામે સરસપુર) એ તા.૨૮/૯/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોધાવી છે કે આરોપી (૧) પ્રફુલભાઇ ગોપાલભાઇ ગજ્જર (રહે.સુભદર્શન એપાર્ટમેન્ટ સેટેલાઇટ) (૨) સપનાબહેન વા/ઓ પ્રફુલભાઇ ગજ્જર (૩) મનોજ શ્યામ વર્મા (રહે. બ્લોક સી મુંડેશ્વરીની એન્કલેવ સહરગાવ આકાશવાણી રોડ પટનાથાના) (૪) આરતી ઉર્ફે બેબી દિલીપ યાદવ (રહે. બુધ્ધશુક્લા પલ્લી પાંડેસ્કુલ પાસે પી.ઓ. આસમ સોલ વેસ્ટબંગાલ) (૫) ભરત ગોપાલભાઇ ગજ્જર (રહે. કલવા શાંતીનગર ઝુપડપટ્ટી થાના ઇસ્ટ મુંબઇ અને (૬) નવાબ (રહે. દિલ્લી) એ ભેગા મળી આજથી દોઢેક વર્ષ અગાઉથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન યોગેશભાઈ પટેલ તથા સાહેદોને કેનેડાના વર્ક પરમીટ વીઝા ઉપર કેનેડા મોકલવાની લાલચ આપી વિશ્વાસમા લઇ અસલ પાસપોર્ટ તથા કુલ રૂપીયા ૩૭,૮૦,૦૦૦/- મેળવી લઇ કેનેડાના વર્ક પરમીટ વીઝા નહીં તેમજ પૈસા પાછા નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી એમ યુ મસી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઉચાપતની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૮૫/૧૬</u>**

**નિકોલઃ** વિનોદભાઇ રમણભાઇ શાહ (રહે. બેંક ઓફ ઇડિયા ઓન્ફસર્સ સોસાયટી પોલી ટેકનિકલ આંબાવાડી) એ તા.૨૮/૯/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી કુણાલકુમાર રમેશભાઇ સથવારા (રહે. ગાયત્રી સોસાયટી ગામ ડેમાઇ તાલુકો બાયડ જીલ્લો અરવલ્લી) એ કઠવાડા બ્રાંચ પોસ્ટ ઓફિસ ખાતે ૨૪ વિધવા બહેનોના વિધવા સહાય ખાતામાંથી તેઓની ખોટી સહીઓ તથા અંગુઠા કરી કુલ રૂપિયા ૧,૬૮,૯૧૦/- તથા વી.પી.આર્ટીકલ કુલ રૂપિયા ૨૩,૪૫૬/- તથા બી.ઓ. એકાઉન્ટ પૈકીના કુલ રૂપિયા ૯૮૯૦/- મળી કુલ રૂપિયા ૨,૦૨,૨૫૬/- ઉચાપત કરી હતી. ત્યાર બાદ રૂપિયા ૩૬,૦૦૦/- ભરપાઈ કરી બાકી રહેલ કુલ રૂપિયા ૧,૬૬,૨૫૬/- ભરપાઇ નહી કરી ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૮૬/૧૬</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** જીતેન્દ્રભાઇ લક્ષ્મણભાઇ મેઘવાલ (મારવાડી) (ઉવ.૩૨)(રહે. સીટી મીલની ચાલી દિવાન લલ્લુભાઇ સ્કુલની સામે કાકરીયા) એ અગમ્ય કારણસર તા.૨૮/૯/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર-૭ નજીક ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બલવતભાઇ શંકરભાઇ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ રોહીતભાઈ જયંતીભાઈ પંડ્યા (ઉ.વ.૫૩) (રહે. જગદંબા ફ્લેટ, ચિંતન હોસ્પિટલની સામે, વેજલપુર) તા.૨૮/૯/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે વાસણા સર્કલથી નારોલ રોડ શાસ્ત્રીબ્રીજ નીચે ઝેરી દવા પિધેલ બેભાન હાલતમાં મળી આવતા ૧૦૮ દ્વારા સારવાર માટે વા.સા.હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસીંગભાઈ નંદરીયાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)